# S.R.C અહેવાલ (2022-23)

## S.R.C. Convener : Dr.J.M.Shah

નમસ્કાર ! જય રણછોડ

મંચસ્થ મહાનુભવો,અધ્યાપકમિત્રો તથા મારા વ્હાલા વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનો.

ભવન્સ કોલેજ,ડાકોરનાં વાર્ષિકોત્સવ,ઈનામ વિતરણ તથા અંતિમ વર્ષનાં વિદ્યાર્થીઓના વિદાય સમારંભમાં આપ સર્વેનું હાર્દિક સ્વાગત કરું છું. સમગ્ર વર્ષ દરમિયાન કોલેજનાં કા.આચાર્યશ્રી ડો.ટી.આર.ત્રિવેદી સાહેબનાં માર્ગદર્શન હેઠળ તથા વિવિધ પ્રવૃતિઓ/ કમિટિઓનાં કન્વીનરશ્રીઓ,વિભાગીય અધ્યક્ષશ્રીઓની અથાગ મહેનતનાં પરીણામે વિદ્યાર્થીઓએ વિવિધ પ્રવૃતિઓમાં ઉત્સાહભેર ભાગ લઈને કોલેજને સતત જીવંત રાખી છે. સમગ્ર વર્ષ દરમિયાન કોલેજમાં થયેલ પ્રવૃતિઓનો અહેવાલ રજુ કરતાં હું હર્ષ અને આનંદની લાગણી અનુભવું છું.

**N.S.S : Convener Dr.K.K.Dave**

1) NSS વિભાગ દ્વારા વિશ્વયોગ દિન નિમિત્તે તા.૨૧/૬/૨૦૨૨ ના રોજ યોગ દિવસની ઉજવણી, NSS ના વોલન્ટીયર્સનો "ઇન્ડક્ષન પ્રોગ્રામ"તથા વૃક્ષારોપણના કાર્યક્રમ, "GK-IQ Test-૨૦૨૨", એક દિવસીય સેવા કેમ્પ "our campus green and clean campus" ના સ્લોગન સાથે, ફાયર સેફ્ટિ અંતર્ગત મોકડ્રિલ તથા શ્રી જલારામ બ્લડ સેન્ટર વડોદરાના સહયોગથી "બ્લડ ડૉનેશન કેમ્પ"નું આયોજન કરવામાં આવ્યું હતું.
2) NSS વિભાગ દ્વારા વિદ્યાર્થીઓ માટે "કલાઇમેટ ચેન્જ એન્ડ યુથ" વિષય પર ડો.નરેન્દ્ર પાટીલનું વ્યાખ્યાન, "ગાય આધારિત પ્રાકૃતિક ખેતી" વિષય પર શ્રી.જીગર.એ.પટેલનું વ્યાખ્યાન તથા સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા આયોજિત ઓનલાઇન વેબિનાર "પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સ" વિષય પર રાખવામાં આવ્યું હતું.
3) NSS વિભાગ દ્વારા ઠાસરા તાલુકાના ઓજરાળા મુકામે સાત દિવસીય વાર્ષિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું,
4) આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી ના ભાગરૂપે NSS વિભાગ દ્વારા "પર્યાવરણ બચાવો-પ્રદૂષણ ઘટાડો" ની જાગૃતતા માટે સાયકલ રેલીનું આયોજન તથા નડિયાદ ખાતે "તિરંગા યાત્રા" નું આયોજન કરાયું હતું,

**Cultural Committee : Convener Dr.H.S.Bhatt**

સાંસ્કૃતિક કમિટી દ્વારા વિવિધ સ્પર્ધાઓ જેવી કે ગીત સ્પર્ધા, વકતૃકત્વ સ્પર્ધા, ડિબેટ આયોજન કરવામાં આવ્યું હતું.તથા S.P.યુનિવર્સિટિ દ્વારા તા.૨૩/૨૪/૨૫ સપ્ટેમ્બર દરમ્યાન આયોજીત યૂથ ફેસ્ટિવલની વિવિધ સ્પર્ધાઓમાં કોલેજના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લઈને કોલેજનું ગૌરવ વધાર્યું હતું.

**C.W.D.C : Convener Smt.Dr.B.K.Patel**

(1) C.W.D.C. ના ઉપક્રમે ફક્ત વિદ્યાર્થીની બહેનો માટે Hair Style Competition, Rangoli Competition, મ્હેંદી સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું. તેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો.

(2) વિદ્યાર્થીની બહેનો માટે " સ્ત્રી જીવનના પડકારો અને તેનું સમાધાન " પર ડાકોર ના ખ્યાતનામ ગાયનેક ડૉ. ગીતાબેન પરમારનું વ્યાખ્યાન તથા " મહિલા સશક્તિકરણ ( Women Empowerment) " વિષય ઉપર ડૉ. દીપલ પટેલ મેડમ નું વ્યખ્યાન રાખવામા આવ્યું.

**UDISHA CLUB : Convener Dr.V.G.Patel**

- કૉલેજમાં રોજગાર કચેરી, નડીયાદ તથા ઉદીશાના ઉપક્રમે ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું. તેમાં 115 વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

**Sports Committee and Physical Education Department : Convener Dr.A.K.Chaudhari**

વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન આપણી કોલેજના ખેલાડીઓએ સરદાર પટેલ યુનિવર્સીટી આંતર કોલેજની ચેસ, ખો-ખો, કબડ્ડી અને ખેલકૂદ સ્પર્ધામાં ભાગ લઈને સુંદર દેખાવ કરેલ છે. કોલેજમાં ઇન્ટર ક્લાસ કબડ્ડી, વોલીબોલ, ચેસ અને ક્રિકેટની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ તેમાં પણ ખેલાડીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. શારીરિક શિક્ષણ વિભાગ દ્વારા નેશનલ યોગ દિવસ , "હર ઘર તિરંગા રન ફોર તિરંગા" નું આયોજન કરવામાં આવ્યુ. ૩૬મી નેશનલ ગેમ્સ અવેરનેસ પ્રોગ્રામ અને નેશનલ ગેમ્સ ઉદ્ઘાટન સમારોહ નરેન્દ્ર મોદી સ્ટેડીયમ, અમદાવાદ ખાતે યોજાયેલ જેમાં કોલેજના ૮૮ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ઉત્તરાયણનાં તહેવારમાં ચાઈનીઝ દોરી અને ચાઇનીઝ તુક્કલનો ઉપયોગ ન થાય તે માટે વિદ્યાર્થીઓને સમજ આપી સંકલ્પ લેવડાવ્યા.

**વિશિષ્ટ સિદ્ધિ** :

(૧) ચાવડા યોગેશ વી. B.A. Sem-6નાં વિધાર્થીએ એસ.પી.યુનિવર્સીટી ખેલકૂદ સ્પર્ધામાં ઉંચીકુદ ઇવેન્ટમાં સમગ્ર યુનિવર્સીટીમાં દ્વિતીય સ્થાન મેળવેલ છે. '**ખુબ ખુબ અભિનંદન**"

(૨) કોલેજમાં આંતરવર્ગીય ક્રિકેટ સ્પર્ધામાં B.A. Sem-6ની ટીમ ચેમ્પિયન બની હતી.

**Physical Education Department : Dr.A.K.Chaudhari :**

(૧) સરદાર પટેલ યુનિવર્સીટીમાં બોર્ડ ઓફ સ્પોર્ટ્સના મેમ્બર તરીકે, ખેલકૂદ સ્પર્ધામાં ઉંચીકુદનાં મુખ્ય પંચ તરીકે, આંતર કોલેજ બાસ્કેટબોલની ટીમના પસંદગી સમિતિના સભ્ય તરીકે, આંતર કોલેજ ખેલકૂદ

સ્પર્ધામાં વાંધાનિકાલ સમિતિના સભ્ય તરીકે, આંતર કોલેજ યુથ ફેસ્ટીવલ સ્પર્ધામાં શિસ્ત સમિતિના સભ્ય તરીકે તથા એસ.પી.યુનિવર્સીટી બાસ્કેટબોલ (ભાઈઓ) ની ટીમનાં મેનેજર તરીકે સેવાઓ આપી.

(૨) એક નેશનલ સેમિનારમાં ભાગ લીધો.

**સ્વર્ણિમ ગુજરાત સપ્તધારા : (Convener Prof.S.D.Parmar)**

1. **વ્યાયામ-યોગ-ખેલકૂદ ધારા : (Convener Dr.A.K.Chaudhari)** આ ધારા અંતર્ગત (1) ૨૧ જૂનના રોજ વિશ્વયોગ દિવસની ઉજવણી, આંતરવર્ગીય ક્રિકેટ સ્પર્ધા તથા કોલેજમાં " Celebrating Unity Through Sports" થીમ હેઠળ કોલેજના શારિરિક શિક્ષણ વિભાગ અને વ્યાયામ–યોગ–ખેલકૂદધારા હેઠળ ૩૬ મી નેશનલ ગેમ્સ અવેરનેશ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમના ઉદ્દઘાટનમાં ખેલાડીઓને " ફિટ ઈન્ડીયા" ઓથ લેવડાવામાં આવ્યા તેમજ અંતમાં નેશનલ ગેમ્સ અવેરનેશનું નિદર્શન કરવામાં આવ્યું હતુ.
2. **જ્ઞાનધારા : (Convener Dr.B.M.Patel)** કોલેજમાં હિન્દી વિભાગ અને જ્ઞાનધારાના સંયુક્ત ઉપક્રમે “૧૪ સપ્ટેમ્બર હિન્દી દિવસ” ની ઉજવણી કરવામાં આવી.તેમાં આચાર્ય ડૉ. દિલીપ મેહરા, સ્નાતકોતર, હિન્દી વિભાગ વિશ્વવિદ્યાલય વલ્લભ વિદ્યાનગર "વિદેશોમેં હિન્દી ઓર હિન્દી સાહિત્યકાર" વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું.
3. **ગીત સંગીત નૃત્ય ધારા : (Convener Dr.H.S.Bhatt)** કોલેજમાં ગીત સંગીત નૃત્ય ધારા હેઠળ - ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં કોલેજના 19 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.
4. **કલા- કૌશલ્ય ધારા : (Convener Dr.B.K.Patel)** કોલેજમાં કલા-કૌશલ્ય ધારા અને “CWDC” ના સંયુક્ત ઉપક્રમે કેશ ગુંફન સ્પર્ધા, મહેંદી સ્પર્ધા અને રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું.
5. **સર્જનાત્મક અભિવ્યક્તિ ધારા : (Convener Dr.V.G.Patel)** કોલેજમાં સર્જનાત્મક અભિવ્યક્તિ ધારા હેઠળ વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં કોલેજના 17 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.
6. **નાટ્ય ધારા : (Convener Dr.J.M.Shah)** કોલેજમાં નાટ્ય ધારા હેઠળ - એક પાત્રિય અભિનય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં કોલેજની વિદ્યાર્થીનીઓએ સામાજિક સંદેશ સાથે એક પાત્રિય અભિનય રજૂ કર્યો હતો
7. **સામુદાયિક સેવાધારા : (Convener Dr.K.K.Dave)** કોલેજમાં સામુદાયિક સેવાધારા હેઠળ–ફાગણી પુનમના દિવસે પદયાત્રિકો માટે ઠંડા પાણી- છાસ- બિસ્કિટ વિતરણની સેવા પૂરી પાડવામાં આવી હતી.

## Science Faculty

## Chemistry Department:

(1) કેમેસ્ટ્રી વિભાગ દ્વારા ગુજરાત સરકારના કલાઈમેન્ટ ચેન્જ વિભાગ દ્વારા આયોજીત “ **Climate Change Youth Outreach Fort Night Programme** “ અંતગર્ત climate change વિષય પર slogan-Poster Competition તથા સરદાર પટેલ યુનિવર્સિટી, કેમિસ્ટ્રિ વિભાગમાં આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડૉ. પી. જી. સુતરીયા સાહેબ નું **Guest Lecture** (1) Career oppourtunities in Chemical Sciences (2) Introduction of atomic spectroscopy વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું.

(2) P. G. Department of Applied and interdisciplinary Science (IICISST) દ્વારા આયોજીત One Day Seminar on “**Prospects and Challenges in Applied & Interdisciplinary Sciences (PCAIS-2023)** “ 21st February, 2023 માં રસાયણશાસ્ત્ર વિભાગનાં ત્રણ વિધ્યાર્થીઓએ **Poster Competition and Quiz Competition** માં ભાગ લીધો હતો. તથા રસાયણશાસ્ત્ર વિભાગ ના અધ્યાપક **Dr. J.M. Shah** અને **Dr. P. P. Dholakiya** ,સાહેબે seminar માં ભાગ લઈ વિધ્યાર્થીઓ ને પ્રોત્સાહન પૂરું પાડયું હતું.

(3) સાયન્સ વિભાગ ધ્વારા એજ્યુકેશન ટુરનું આયોજન વિધાનગર ખાતે આવેલ કૉમ્યુનિટી સાયન્સ સેન્ટર અને SICARTમાં કરવામાં આવ્યું.

**(4)** TEJALBEN RAJENDRASINH RATHOD 9.17 SGPA સાથે S.P.U.દ્વારા લેવાયેલી B.Sc સેમ. 5 ની પરીક્ષામાં Chemistry વિષયમાં પાંચમો ક્રમ પ્રાપ્ત કરેલ છે.તથા સમગ્ર Science Facultyમાં નવમા ક્રમે ઉત્તીર્ણ થઈ કોલેજનું ગૌરવ વધાર્યું છે. **’ખુબ ખુબ અભિનંદન”**

**Physics Department :**

(1) **Guest lecture** was organized by physics department on “ Unsung Heroes of Indian Science” by Prof. P.N.Gajjar , Dean faculty of science Gujarat University…under Indian science academy Teacher Awardee Popular Lecture series 2022,

(2) physics department organize National level gratuate Physics exam **(NGPE 2023)** conducted by Indian association of physics (IAPT) **20 students** participated in this exam.

(3) Physics department Hosted **Cluster level CPEX 2023 experimental competition** with C. C. Patel Community Science Center, Sardar Patel University In Association with Indian Association of Physics Teachers (IAPT:RC-7) Sponsored By Gujarat Council for Science and Technology (GUJCOST), Gandhinagar and Department of Science and Technology (DST), Govt. of Gujarat… **11 teams participated** in this competition…

**Biology Department :**

બાયોલોજી વિભાગ દ્વારા "કલાઈમેન્ટ ચેન્જ અને યુથ" વિષય પર ડૉ.નરેન્દ્ર વાય.પાટીલ આસીસ્ટન્ટ પ્રોફેસર અલ્પેશ એન.પટેલ પી.જી સાયન્સ એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ આંણદ નું વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું.

## Commerce Faculty

## Commerce/Accountancy Department :

(1) કોમર્સ ડિપાર્ટમેન્ટના ઉપક્રમે ગુજરાત સરકારના **"Climate Change Youth Outreach Fortnight Programm"** અંતર્ગત **"Group Discussion Competition"** યોજવામાં આવી. જેમાં બી.કોમ.સેમ 1,3 અને 5 ના વર્ગોની એક એક ટીમે ભાગ લીધો.જેમાં સેમ 5 ની ટીમ વિજેતા નીવડી. વિજેતા ટીમ અને સ્પર્ધામાં ભાગ લેનારા તમામ વિદ્યાર્થીઓને કોમર્સ ડિપાર્ટમેન્ટ તરફથી ઈનામ આપવામાં આવ્યા.

(7) સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા લેવાયેલ બી.કોમ.સેમ 5 ની પરીક્ષામાં કુ. ખુશાલીબેન અલ્પેશકુમાર પટેલે સમગ્ર Commerce Facultyમાં 06 ક્રમે ઉત્તીર્ણ થઈ કોલેજનું ગૌરવ વધાર્યું છે.'**ખુબ ખુબ અભિનંદન"**
સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા લેવાયેલ નવેમ્બર/ડીસેમ્બર-2022 ની પરીક્ષામાં સમગ્ર યુનિવર્સિટીમાં 1 થી 10 નંબરમાં બી.કોમ.સેમ 1માં ત્રણ વિદ્યાર્થીઓ, બી.કોમ.સેમ 3માં ચાર વિદ્યાર્થીઓ તથા બી.કોમ.સેમ 5માં બે વિદ્યાર્થીઓએ સ્થાન મેળવી ભવન્સ કૉલેજ,ડાકોરને ગૌરવ અપાવેલ છે. **"અભિનંદન"**

**Dr.K.K.Dave :**

- ડૉ.કપિલ દવેના માર્ગદર્શન હેઠળ ચાલુ વર્ષે કંચન.કે.ખત્રી એ સરદાર પટેલ યુનિવર્સિટીમાથી Ph.D ની ડિગ્રી પ્રાપ્ત કરી, તથા બે વિદ્યાર્થીઓએ તેઓના માર્ગદર્શનમાં પોતાનું Ph.D થીસીસ સબમિટ કરાવેલ છે.
- સેન્ટ સ્ટીફન ઇન્સ્ટિટ્યૂટ ઓફ બિઝનેશ મેનેજમેન્ટ એન્ડ ટેક્નોલોજી, આણંદ કોલેજમાં NSS ના ઓરિયેન્ટેશન પ્રોગ્રામમાં ચીફ ગેસ્ટ તરીકે સેવા આપી હતી.
- સરદાર પટેલ કોલેજ ઓફ એડમિનિસ્ટ્રેશન એન્ડ મેનેજમેન્ટ કોલેજ, આણંદમાં "એન્ટી રેગીંગ અવેરનેસ" વિષય પર નિષ્ણાત વ્યાખ્યાન તથા Ph.D કોમર્સના વિદ્યાર્થીઓના કોર્સવર્કમાં "ક્વેશ્ચનરી ડિઝાઇન" વિષય પર પોતાનું નિષ્ણાત લેક્ચર આપ્યું.
- આ વર્ષ દરમ્યાન Ph.D કાઉન્સેલિંગ તેમજ કોર્ષવર્ક કમિટીમાં એક્ષપર્ટ તરીકે પોતાની સેવાઓ આપી હતી.
- UGC Care Listed જર્નલમાં "A study of financial performance analysis of selected Automobile Companies in India" વિષય પર આર્ટિકલ પબ્લીશ કર્યો હતો.

## Arts Faculty

## Sanskrit Department :

1. 30-06-2022 આષાઢસ્ય પ્રથમ દિવસે નિમિત્તે કાલિદાસીય રચનાઓનું પઠન કરવામાં આવ્યું.

2. સંસ્કૃત પાઠશાળા,ડાકોરની વિદ્યાર્થીઓને મુલાકાત કરાવી.
3. સંસ્કૃત મહા વિદ્યાલય, ન્યુ દિલ્હીના પ્રોફેસર ડૉ.માર્કણ્ડેયનાથ તિવારીનું NEP 2020 के सन्दर्भमे संस्कृत की उपादेयता વિષયક વ્યાખ્યાનનું કૉલેજમાં આયોજન કરવામાં આવ્યું.

4. સંસ્કૃત-વિભાગ, ભાષા-સાહિત્યભવન, ગુજરાત યુનિવર્સિટી દ્વારા આયોજિત 'G20 Summit'ની ઉજવણીના ઉપક્રમે પ્રોફેસર વસન્તકુમાર મ. ભટ્ટ (પૂર્વ નિયામક, ભાષા-સાહિત્ય-ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ ) રસસૂત્ર વિમર્શ વિષયક ફેસબુક પર લાઈવ વ્યાખ્યાનની વિદ્યાર્થીઓ માટે વ્યવસ્થા કરી.
5. હેમચન્દ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી , પાટણ ખાતે યોજાયેલ અખિલ ભારતીય હેમસમારોહમાં ૪ વિદ્યાર્થીઓએ સક્રિય ભાગ લીધો.જેમાં પીએચડી.ની વિદ્યાર્થી પાયલ પંચાલે હેમચન્દ્રાચાર્ય કાલિક રાજકીય પરિસ્થિતિ વિષયક શોધપત્ર રજૂ કર્યું હતું. તથા ડૉ.વી.જી.પટેલે પાણિનિ અને હેમચન્દ્રાચાર્યના પરિભાષા સૂત્રોની તુલના વિષયક શોધપત્ર રજૂ કર્યું હતું. તેમજ શોધપત્ર વાંચન સેશનના ચેરપર્સન બન્યા હતા.પાટણની ઐતિહાસિક-પ્રાચીન રાણીની વાવની મુલાકાત લીધી હતી
6. ભવન્સ કોલેજ ડાકોરના સંસ્કૃત વિભાગની પીએચ.ડીની વિદ્યાર્થિની રશ્મિકાબેન ભોઈને સેન્ટ્રલ સંસ્કૃત યુનિવર્સિટી ન્યૂ દિલ્હી તરફથી રિસર્ચ સ્કોલરશીપ મળી છે.
7. KRISHNABEN PRAVINSINH CHAVDA 8.13 SGPA સાથે S.P.U.દ્વારા લેવાયેલી B.A સેમ. 5 ની પરીક્ષામાં સંસ્કૃત વિષયમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરેલ છે.તથા સમગ્ર Arts Facultyમાં આઠમા ક્રમે ઉત્તીર્ણ થઈ કોલેજનું ગૌરવ વધાર્યું છે. **'ખુબ ખુબ અભિનંદન"**

**Dr.V.G.Patel :**

-કૉલેજમાં Ph..D.માં સૌ પ્રથમ પૂર્ણ સમયમાં પ્રવેશ માળવનાર પાયલ પંચાલ (Ph.D. student) ને ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમન્ત્રાશ્રીના હસ્તે રીસર્ચ ફેલોશીપ ઍવોર્ડ પ્રાપ્ત થયો.

- ડાકોર સંસ્કૃતપાઠશાળામાં સંસ્કૃત સંભાષણ શિબિરમાં સારસ્વત વિશેષ તરીકે ઉપસ્થિતિ રહ્યા હતા.

- હસ્તપ્રતવિજ્ઞાન વિષયક તથા હસ્તપ્રતગ્રન્લયોનો પરિચય વિષયક સંસ્કૃત વિભાગ,સરદાર પટેલ યુનિવર્સિટી,વલ્લભવિદ્યાનગર તથા સંસ્કૃત વિભાગ,શ્રી ગોવિન્દગુરુ પટેલ યુનિવર્સિટી,ગોધરા દ્વારા આયોજિત Ph..D. કોર્સવર્કમાં વ્યાખ્યાનો લીધા.

- 25-01-2023ના રોજ ગવર્મેન્ટ કૉલેજ, સોજીત્રામાં કારક પ્રકરણ-એક પરિચય વિષયક વ્યાખ્યાન આપ્યું.

- Dr.V.G.Patel નાં માર્ગદર્શન હેઠળ તા.07—02-2023 ના રોજ નીલમબેન ચૌહાણ અને અંકિતાબેન આહિર (Ph. D. student) Ph. D.ની ડીગ્રી પ્રાપ્ત કરી

## Gujarati Department :

(૧) ઝવેરચંદમેઘાણીની જન્મજયંતીને ઉપક્રમે રૂમ નંબર – ૧૨૫માં ગુજરાતી વિભાગ તરફથી "મેઘાણીવંદના" કાર્યક્રમનું આયોજન કર્યું. જેમાં ૬ વિદ્યાર્થીઓએ ઝવેરચંદમેઘાણીના જીવનકવન, સાહિત્ય(કાવ્ય,લોકસાહિત્ય, તુલસીક્યારો નવલકથા) જેવા વિષયો પર વિશે વિગતે વાત કરી હતી.
(૨) પાવીજેતપુર આર્ટસ કોલેજ દ્વારા "વિશેષદિન ક્વિઝ ગ્રુપ" દ્વારા આયોજિત કનૈયાલાલ મુનશી જન્મજયંતિ ક્વિઝ (ઓનલાઈન)માં ગુજરાતીના ૧૧ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો અને ઓનલાઈન સર્ટિફિકેટ મેળવેલ છે.
(૩) ગુજરાતી જનરલ નૉલેજ ટેસ્ટ તેમજ કાવ્યપઠન સ્પર્ધા રાખવામાં આવી હતી. જેમાં ગુજરાતી જનરલ નૉલેજ ટેસ્ટમાં ૩૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.કાવ્યપઠન સ્પર્ધામાં ૧૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

## Economics Department :

1. ડાકોર સબડીવીઝનના દીપક પંચાલ દ્વારા પોસ્ટ ઓફિસમાં ચાલતી સેવાઓ અંગેની માહિતી આપવામાં આવી.
2. બેન્કના વિવિધ કાર્યો અંગેનું માર્ગદર્શન " અંગેનો કાર્યક્રમ રાખવામાં આવ્યો. જેમાં BOI ડાકોર માંથી Branch Officer Sandeep Tiwari સાહેબ બેન્કમાં ચાલતા વિવિધ કાર્યો અંગેનું માર્ગદર્શન વિદ્યાર્થીઓ પૂરું પાડ્યું.
3 .Post Graduate Department of Economics દ્વારા "Carbon Credit" ઉપર Competition માં તળપદા તેજશકુમાર ગણપતભાઈ ભાગ લીધો હતો.
4. એમ.ડી.શાહ કોમર્સ એન્ડ બી.ડી.પટેલ આર્ટ્સ કૉલેજ, મહુધા (જી.ખેડા) દ્વારા રજત જયંતિ વિજયપદ્મ નિબંધ સ્પર્ધામાં બે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.
5. ઉચ્ચ શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર G-20 સમિટ દ્વારા ભવન્સ કૉલેજ ડાકોરમાં નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. તેમાં અર્થશાત્રના વિદ્યાર્થીઓ ભાગ લીધો હતો.
6. ઉચ્ચ શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર G-20 સમિટ દ્વારા ભવન્સ કૉલેજ ડાકોરમાં " Climate Change and Disaster Risk Reduction " વ્યાખ્યાનમાં અર્થશાત્રના વિદ્યાર્થીઓ ભાગ લીધો હતો.
7. KCG, Ahmadabad અંતર્ગત પ્રબોધ લેવલની તાલીમમાં અર્થશાત્રના વિદ્યાર્થીઓ ભાગ લીધો હતો.
8.અર્થશાત્ર વિભાગ દ્વારા એક દિવસીય શૈક્ષણીક પ્રવાસનું આયોજન આણંદ કૃષિ યુનિવરર્સિટીની મુલાકાત દ્વારા કરવામાં આવ્યું.

**Dr.K.C.Rathava :**

1. KCG Ahmadabad Gujarat University દ્વારા Faculty Development Programમાં ભાગ લીધો.
2. ઉચ્ચ શિક્ષણ વિભાગ,ગુજરાત સરકાર G-20 સમિટ દ્વારા નોડલ ઓફિસર તા.09-02-2023થી કાર્ય કર્યું.
3. KCG, Ahmadabad અંતર્ગત પ્રબોધ લેવલની તાલીમનું આયોજન કરી તેનું સંચાલન કર્યું.
4. શ્રી ગોવિંદગુરુ યુનિવરર્સિટી દ્વારા સંસ્કૃતિ,સાહિત્ય અને કલામીમાંસા' વિષય પરનાં આંતરરાષ્ટ્રીય સેમીનારમાં તથા S.P.Uમાં UGC Sponsored National Seminar 'Economics of Gender: Policies, Contemporary Narratives and Prospects'માં હાજર રહ્યા.

**Prof.S.D.Parmar :**

ગુજરાત ઇકોનોમિક્સ એસોસિએશન દ્વારા વડતાલ મુકામે આયોજિત બે દિવસીય 51મી એન્યુઅલ કોન્ફરન્સમાં જોડાયા અને "કૃષિ માર્કેટિંગમાં મુશ્કેલીઓ અને ઉપાયો" વિષય પર સંશોધનપત્ર રજુ કર્યું.

**English Department :**

**Dr.H.S.Bhatt :**

1. Worked as a Subject Expert in the Adhyapak Sahayak appointment procedure in various colleges.
2. Participated in talk organized by ELTAI chapter, Rajkot on ***How to Analyze a Poem***.

**History Department :**

"ભારતના સ્વતંત્ર સંગ્રામમાં ચરોતરના સ્વાતંત્ર વીરોનું પ્રદાન" વિષય ઉપર ડૉ.મુકેશ એન.જોષી આસીસ્ટન્ટ પ્રોફેસર ઈતિહાસ વિભાગ આંણદ આર્ટસ કોલેજ તથા "કોંગ્રેસ અધિવેશનમાં સરદાર પટેલનો ફાળો" વિષય ઉપર ડૉ.અર્ચના બંસોલ ચારૂત્તર વિદ્યામંડળ યુનીવર્સીટીના સેરલીપ સંસ્થાના ઇન્ચાર્જ ડાયરેક્ટરનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું. એન.એસ.પટેલ આર્ટસ કોલેજમાં ગુજરાત ઈતિહાસ પરિષદમાં ૯ વિદ્યાર્થીઓએ શોધપત્રો રજુ કર્યા હતા.

**Hindi Department :**

- હિન્દી વિભાગ ઉપક્રમે "૧૪ સપ્ટેમ્બર હિન્દી દિવસ" તથા મુનશી પ્રેમચંદજીનાં જન્મદિવસની ઉજવણી કરવામાં આવી.

**Dr.B.M.Patel** : સરદાર પટેલ યુનિવર્સીટીનાં અનુંસ્નાતક હિન્દી વિભાગમાં સ્વાધીનતા આંદોલન અને ભારતીય સાહિત્ય વિષય પરનાં એક દિવસનાં રાષ્ટ્રીય સેમિનારમાં ભાગ લઈ સ્વાધીનતા આંદોલન અને હિન્દી કવિતા વિષય પર શોધપત્ર રજુ કર્યું.

અંતમાં છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થીઓને શૈક્ષણિકક્ષેત્રે,સામાજિકક્ષેત્રે અને વ્યવસાયિક ક્ષેત્રે ઉજ્જવળ સફળતા પ્રાપ્ત કરો તેવી ભવન્સ પરિવાર તરફથી શુભેચ્છા પાઠવું છું

**જય રણછોડ**